# ફોજદારી કેસ નંબરઃ55380–18.
## આંકઃ
## ઃહુકમ ઃ

(૧) સદર કામે ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ આંક–૧ ની હકીકતે ગુનો કરી ગુજરાત નશાબંધી અધીનીયમ,૧૯૪૯ ની કલમ–૬૫(એ)(એ)મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. સદર કેસનુ ચાર્જશીટ કોર્ટમાં રજુ થતાં આરોપીને કોર્ટમાં હાજર રહેવા સારૂ સમન્સ ઈસ્યુ કરેલ જે અન્વયે આરોપી આજરોજ કોર્ટનાં હાજર થયેલ છે અને તેને કાયદા મુજબની નકલ આપી, તેમની સામેની ચાર્જ/પ્લી વાંચી સંભળાવી, સમજાવતાં, આરોપીએ ગુનાની કબુલાત પુરશીશ રજુ કરી, સ્વૈચ્છાએ ગુનો કબુલ કરેલ છે.

(૨) હાલના કેસમાં આરોપી વિરૂદ્ધનુ તહોમત જોતાં 40/– રૂપિયાના પ્રોહીબીશન મુદ્દામાલ સાથે આરોપી પકડાયેલ છે, જેથી આરોપી વિરૂદ્ધ ગુનાનુ તહોમત જોતાં આરોપી પાસેથી મળી આવેલ જથ્થો અલ્પ માત્રાનો (lesser quantity of intoxicat ) જણાય છે. જે સબબ સુધારેલા પ્રોહીબીશન કાયદાની કલમ-૬૫(એ)(એ) ધ્યાને લેતાં નીચે

મુજબ દર્શાવેલ છે.

<u>કલમ–૬૫– (એ)(એ)– અલ્પ માત્રમાં કેફી પદાર્થ કબજામાં રાખવા વિગેરે માટે શિક્ષાઃ</u>

કલમ– ૬૫ અને ૬૬ ગમે તે મજકુર હોય તે છતાં, કોઈ વ્યકિત, રાજય સરકારે રાજયપત્રમાં જાહેરનામાંથી નિદિષ્ટ કર્યા પ્રમાણેના જથ્થાથી ઓછા જથ્થામા કોઈ કેફી પદાર્થ વેચે, ખરીદે, કબજામાં રાખે અથવા હેરફેર કરે, તેને દોષિત ઠર્યે આવા દરેક ગુના માટે કેદ જે ત્રણ વર્ષની મુદ્દત સુધી લંબાવી શકાશે અને દંડની સજા પણ થશે.

હાલના કામમાં આરોપી વિરૂદ્ધ આજ પ્રકારના અગાઉ કોઈ ગુના સબબ પુર્વદોષસિદિઘ નથી એને હાલના આરોપીએ સ્વેચ્છાએ કોઈપણ પ્રકારની ધાક, ધમકી, દાબ–દબાણ વગર કબુલાત કરવાની રજુઆત કરેલ છે, જેથી આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહિ માનવાને કોઈ કારણ જણાતુ નથી.

(૩) આમ, હાલના કામમાં આરોપી સ્વૈચ્છીક ગુનાની કબુલાત કરે છે. આરોપી ગરીબ વર્ગના તેમજ કુંટુંબમાં કમાનાર વ્યકિત છે/યુવાન વયના/વૃદ્ધ ઊંમરના/સ્ત્રી આરોપી છે અને ફરીવાર આવો ગુનો નહિ કરવાની ખાતરી આપી,સુધરવાની તક આપી, દયાની માંગણી કરી, યોગ્ય દંડ તથા સજા કરવા રજુઆત કરેલ છે અને આરોપીએ સ્વૈચ્છીક કબુલાત કરેલ છે.

હાલના કામે ઊપરોકત કાયદાની જોગવાઈઓ ઘ્યાને લેતાં આરોપી પાસેથી મળી આવેલ ગુનો નજીવો ગુનો( પેટી ઓફેન્સ છે) આરોપી ગરીબ માણસ હોય, નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫(૧) જી.એલ.આર.૨૦૦૫ ના સરકાર વિ. નટવરલાલ રતનજી ઠાકોરના ચુકાદાને લઈ, આરોપીની કબુલાત તથા ગુનાના સંજોગો ઘ્યાને લેતાં તથા સુધારાલક્ષી શિક્ષાની વિચારસરણી (Reformative theory of punishment) ના સિદઘાંતને ઘ્યાને રાખતા આરોપીને ન્યુનતમ કે મહત્તમ સજા નહિ કરવાથી પણ હેતુ જળવાશે તેવુ જણાતુ હોઈ, આરોપીને હાલના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## ઃઆખરી હુકમ ઃ

આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૦૭૩ ની કલમ–૨૪૧ અન્વયે ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ–૬૫ (એ)(એ) હેઠળના શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવવામાં આવે છે અને આરોપીને કોર્ટ ઊઠતા સુધીની સજા અને રૂપિયા ૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ ટ્રાયલ દરમ્યાન આપેલા જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તા. ૧૪ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૧૯ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં**

**વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.**

**અમદાવાદ.**
**તા.૧૪/૦૯/૨૦૧૯.**

**(સી.જે.પટેલ)**
**એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૧૨, અમદાવાદ.**
**જીજે.૦૧૦૫૬.**